[illegible]

[illegible]

પ્રાતઃ [illegible] પ્રગટ [illegible]

[illegible]

[illegible] કર્તા

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]



પ્રથમ ગુરૂમંત્ર.

ૐ ગુરૂર્બ્રહ્મા ગુરૂર્વિષ્ણુ ગુરૂર્દેવો મહેશ્વરાઃ ગુરૂ રેવ પર બ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ । ગુરૂ પાદોદકં પીત્વા ગુરો રૂચ્છિષ્ટ ભોજનમ ગુરૂ મુર્તેસ્સદા ધ્યાનં ગુરૂ મંત્રં સદા જપેત । અખંડ સચ્ચિદાનંદ મખીલેંદ્રીય ગોચરંમ ભકત વત્સલ ભકતેસ મુત્પન્નં દ્રાવિડે પ્રુતમઃ

પ્રાતઃ કર્મવિધિ પ્રારંભ.

પ્રભાત કાળમાં રાધે કૃષ્ણ રાધે કૃષ્ણ કહેતાં જાગ્રત થવું પથારી પર બેશી ભૂમીને હાથ જોડી પ્રણામ કરવું ત્યારબાદ એમની પ્રાર્થના કરવી અને નીચેનો મંત્ર બોલવો (મંત્ર) સમુદ્ર મેખલે દેવી પર્વત સ્તનમંડલે વિષ્ણુ પત્ની નમસ્તુભ્યમં પાદ: સ્પર્શ ક્ષમસ્વમે આ મંત્ર બોલ્યા બાદ જમીન પર પગ મુકવો, અને પૃથ્વી પર ઉભા રહી હાથ જોડીને એમની વંદના કરવી કે હે પૃથ્વી દેવી તમો હમારા સર્વ અપરાધ ક્ષમા કરો તમારા પર અમો ઘણા ઘણા પાપ, દુષ્ટ કર્મ, અત્યાચાર અથવા અઘોર ન કરવાના કર્તવ્યો કરીએ છીએ, છતાં તમો સર્વ સહન કરો છો, તમારા સમાન સહન કરનાર કોઇ નથી તમો હમારા માતા સમાન છો તેથી તમોને હું પ્રણામ કરું છું એમ કહી હાથ જોડી નમસ્કાર કરવા ત્યાર-બાદ શુદ્ધ મન રાખીને નીચેના શ્લોકનો પાઠ કરવો.

જયતિ જનનિ વાસો દેવકી જન્મ વાદો ।
યદુવર પરિષત્ સ્વૈર્દો ર્ભિરસ્યન્ન ધર્મ ॥
સ્થિરચર વૃજિનઘ્ન: સુસ્મિત શ્રીમુખેન ।
વ્રજપુર વનિતાનાં વર્દ્ધયન્ કામદેવમ્ ॥

ત્યાર બાદ સૌચ અથવા દીસાએ જવું. સૌચ બેસતી વખતે મોઢામાંથી કોઇ પણ વાકય ઉચ્ચારણ કરવું નહીં સૌચ જઇ આવ્યા પછી માટીથી હાથ ધોવા અને પગ ધોઇ કોગળા કરવા અને પછી દાતણ કરવું. એકાદસીને દીવસે દાતણ કરવું

નહીં અને કરવું તો આંબાના પાંતરાનું કરવું ત્યાર પછી સ્નાન કરવું જળમાં ગંગાજી જમનાજીનો મનમાં ભાવ લાવવો અને એવો વીચાર કરવો કે મારા માથા પરથી તે સર્વ અંગ સુધી શ્રી ઠાકોરજીના ચરણામૃતની ધારા પડે છે અને માથા-પર જળ રેડતા રેડતા આ મંત્ર બોલવો.) (મંત્ર) ૐ બ્રહ્માંડો દરતીર્થાની કરૈઃ સ્પષ્ટાનીતેરવે તેન સત્યેનમેદેવ તીર્થંદેહીદીવાકર (મંત્ર) ૐ ગંગેચ યમુને ચૈવ ગોદાવરી સરસ્વતી નર્મદે સીંધુ કાવેરી જલેસ્મીન્સન્નિધીં કુરૂઃ—આ મંત્ર બોલીને સ્નાન કર્યા બાદ પવીત્ર વસ્ત્રને ધારણ કરવું અને દર્ભનું આસન બીછાવવું અને દર્ભ નહીં હોય તો કોઇ પણ ઉનના આસન ઉપર બેસવું ખાંધ પર પવીત્રવસ્ત્ર નાખવું અને પુર્વ અથવા ઉત્તર દીસા તરફ મુખ કરીને બેસવું સંધ્યાની દરેક સામગ્રી સામે લઇને બેસવું પંચપાત્ર આચમની ગંધ પુષ્પ ધુપ દીપ નૈવેદ્ય ગીતા અથવા ભાગવત અથવા રામાયણ વગેરે કોઇપણ એક પુસ્તકનું રોજ એક અથવા બે અધ્યાયના પાઠ થાય એવા નીયમ લઇને પાસે રાખવું (સંધ્યા) બ્હારની દરેક વસ્તુ શુદ્ધ કરવાને વાસ્તે હાથમાં જળ લઇ આ મંત્ર બોલીને પાણી દરેક વસ્તુ પર છાંટવું. (મંત્ર) ૐ અપવીત્રઃ પવીત્રોવા સર્વાવસ્થાં ગતોથીવા યઃસ્મરે પુંડરીકાક્ષં સબાહ્યાભ્યંતરઃ સુચિઃ સર્વ વસ્તુ શુદ્ધ થયા પછી આસન પર બેસવું અને આચમન કરવું ડાબા હાથમાં આચમની લઇને જમણે હાથે ત્રણ વખત જળ નાખીને પી જવું હાથ ધોઇ નાંખવો પછી તિલક કરવું પહેલું તિલક લલાટ ઉપર કરવું પછી પેટ ઉપર કરવું પછી છાતી ઉંપર કરવું પછી કંઠ પર પછી જમણા

તરફની કંમરમાં કરવું પછી જમણા તરફના હાથ પર કરવું પછી ડાબી કમર પર અને ડાબા હાથ પર પછી ડાબા ગળા પર પીઠ પર પછી પીઠની નીચે કમર પર એ પ્રમાણે બાર તીલક કરવા તીલક કરતી વખતે આ મંત્ર બોલતા જવું તીલક મંત્ર (મંત્ર) ૐ લલાટે કેસવન્ધ્યાયેન્નારાયણ યથોદરે વ્રક્ષસ્થાળે માધવંચ ગોવિન્દં કંઠ કુબ્જરે, વિષ્ણુચ દક્ષીણે કુક્ષો ત દાહો મધુસુદન, ત્રીવીક્રમં કંધરે તુવામનં વામયાશ્વ કે શ્રી ધરંબાહૂકે વામેહુષી કેસં તુકંધરે પૃષ્ટેતુ પદ્મનાભંચ ત્રીકં દામો દરંન્ય સેત આ પ્રમાણે તીલક કર્યા બાદ હાથ ધોઇ નાંખવા પછી આચમન કરવું તેનો (મંત્ર) **કેશવાય નમઃ** આ મંત્ર બોલીને જમણા હાથનું જળ પી જવું પછી "**નારાયણાય નમઃ**" એ મંત્ર ભણી જમણા હાથનું જળ પાન કરવું. અને પછી "**માધવાય નમઃ**" એ મંત્ર ભણી ત્રીજું આચમન કરવું. દરેક વખતે હાથ ધોવો. પછી પ્રાણાયામ કરવો જમણા હાથના અનામિકા તથા કનિષ્ટિકા આંગળીઓથી ડાબી તરફના નસ્કોરાને બંધ કરવું. અને જમણા નાકના છિદ્રમાંથી શ્વાસ કાઢવો. અને ડાબા હાથની કરમાળાથી ૧૬ વખત "**ક્લીં**" એ બીજ મંત્ર જપવો. પછી જમણા હાથના અંગુઠાએ જમણી તરફના નસ્કોરાને બંધ કરીને ડાબા નસ્કોરાથી શ્વાસ ચઢાવવો અને ડાબા હાથની કરમાળાથી ૩૨ વખત "**ક્લીં**" એ બીજ મંત્ર જપવો. પછી જમણા હાથના અંગુઠાથી જમણી તરફના નસ્કોરાને બંધ કરવું અને તેજ હાથની અનામિકા તથા ટચલી આંગળીએ કરીને ડાબી તરફના નસ્કોરાને બંધ કરવું અર્થાત્ નાકના બન્ને છિદ્રો

બંધ કરવાં. અને ડાબા હાથની કરમાળાથી "**ક્લીં**" એ બીજ મંત્ર ૬૪ વખત જપવો. (પછી એજ મંત્રથી ધીમે ધીમે શ્વાસ બેઉ નસ્કોરામાંથી છોડવો.) પછી ન્યાસ કરવા. બેઉ હાથની તર્જનીઆંગળી બેઉ અંગુઠાપર રાખીને "**ક્લીં અંગુષ્ઠાભ્યાં નમઃ**" એ મંત્ર બોલવો. બેઉ હાથની તર્જની આંગળીઓ ઉપર બેઉ અંગુઠા રાખી "**કૃષ્ણાય તર્જનીભ્યાં નમઃ**" એ મંત્ર ભણવો. બેઉ હાથની મધ્યમા આંગળીઓ પર બેઉ અંગુઠા રાખીને "**ગોવિંદાય મધ્યમાભ્યાં નમઃ**" એ મંત્ર ભણવો. બેઉ અનામિકા આંગળીઓ પર બેઉ અંગુઠા રાખી "ગોપીજન અનામિકાભ્યાં નમઃ" એ મંત્ર ભણવો, બેઉ ટચલી આંગળીઓ પર બન્ને અંગુઠા રાખી "**વલ્લભાય કનિષ્ઠિકાભ્યાં નમઃ**" એ મંત્ર ભણવો પછી ડાબા હાથની હથેલીમાં જમણા હાથનો અંગુઠો રાખી, ત્રણે આંગળીના અગ્રભાગથી ડાબા હાથની હથેલીનો સહજ સ્પર્શ કરીને, જમણો હાથ ડાબા હાથની ચોતરફ ફેરવી, જમણા હાથની ત્રણ આંગળીથી ડાબા હાથની હથેલીમાં તાળી મારતાં "**સ્વાહા અસ્ત્રાયફટ્**" એ મંત્ર ભણવો. પછી હૃદયાદિ ન્યાસ કરવો. જમણા હાથનો અંગુઠો છોડી ત્રણે આંગળીઓના અગ્રભાગથી છાતીનો સ્પર્શ કરતાં "**ક્લીં હૃદયાય નમઃ**" એ મંત્ર ભણવો. એજ ત્રણ આંગળીઓએ કપાળનો સ્પર્શ કરી "**કૃષ્ણાય શિરસે નમઃ**" એ મંત્ર ભણવો. જમણા હાથનો અંગુઠો ટટાર કરી તેની પાછળથી શિખા સ્પર્શ કરી "**ગોવિંદાય શિખાયૈ નમઃ**"

એ મંત્ર ભણુવો. ડાબા હાથનો અંગુઠો છોડી ચારે આંગળીઓના અગ્રભાગથી જમણા હાથની ખાંધનો સ્પર્શ કરવો અને જમણા હાથનો અંગુઠો છોડી ચારે આંગળીઓના અગ્રભાગથી ડાબા હાથની ખાંધનો સ્પર્શ કરવો. એમ બંને હાથ બેઉ જગાએ રાખી "ગોપીજન કવચાય નમઃ" એ મંત્ર ભણુવો. પછી જમણા હાથની તર્જની અને મધ્યમા જોડીને બેઉ આંગળીઓથી બેઉ આંખોનો સ્પર્શ કરી "વલ્લભાય નેત્રાય નમઃ" એ મંત્ર ભણુવો. પછી જમણા હાથનો અંગુઠો છોડી ચારે આંગળીઓના અગ્રભાગથી ડાબા હાથની હથેલીનો સ્પર્શ કરીને જમણા હાથનો અગ્રભાગ ડાબા હાથની પાછળ ફેરવીને જમણા હાથની ત્રણ આંગળીથી ડાબા હાથની હથેળીમાં તાળી મારવી અને "સ્વાહાઃ કરતલ-પૃષ્ઠાભ્યાં અસ્ત્રાયફટ્" એ મંત્ર ભણુવો પછી શ્રી ઠાકોરજીનું ધ્યાન ધરવું. આંખ મીચી રૂપનું ચિંતવન કરવું. માનસી પૂજા કરવી. પાદ્ય આપવું. અર્ઘ આપવો ધુપ, દીપ, ગંધ, પુષ્પ, નૈવેદ્ય જે ઇચ્છામાં આવે તે વડે પૂજન કરવું. પછી બ્રહ્મસંબંધના મંત્રનો ૧૦૮ વાર જપ કરવો. કરમાળાથી જપ પૂરા થયા પછી જમણા હાથમાં જળ લઇને નીચેનો મંત્ર ભણી ગોયોનિ મુદ્રા કરી જળ છોડવું.

ગુહ્યાતિ ગુહ્ય ગોપ્તાત્વં ગૃહાણાસ્મત્ કૃતં જપમ્ ।
સિદ્ધિ ભવતુમે દેવ ત્વત્પ્રસાદાત્ ત્વયિ સ્થિતે ॥

પછી ગાયત્રિનો એકસો આઠવાર અથવા દશવાર જપ કરી ઉપરના મંત્રથી જળ છોડવું. પછી પ્રણામ કરવો. તેનો મંત્ર

નમો બ્રહ્મણ્ય દેવાય ગોબ્રાહ્મણ હિતાય ચ ।
જગદ્દિતાય કૃષ્ણાય ગોવિંદાય નમોનમઃ ॥

પછી તુલસીમાં જળ રેડવું તેનો મંત્રઃ—

ગોવિંદ વલ્લભા દેવી જગચ્ચૈતન્ય કારિણિ ।
સ્નાપયામિ જગદ્ધાત્રિ કૃષ્ણભક્તિ પ્રદાયિણિ ॥

એ મંત્ર ભણતાં ભણતાં તુલસીજીમાં જળ પધરાવવું. પછી તુલસીજીની પરિક્રમા કરી પ્રણામ કરવું પછી પ્રસાદ લેવો, શક્તિ હોય તો એક બે બ્રાહ્મણ સાથે લઇ પ્રસાદ લેવો. પ્રસાદી પાન લે, પ્રસાદ લઇ તુલસીજીના માંજરાના બી ચાવવાં. સાંજના હાથ પગ ધોઇને બેસવું પછી માળા જપવી. માળા તુલસીના કાષ્ઠની લેવી, ૧૦૮ મણકાની વચમાં મેરૂ વાળી જોઇએ. માળામાં મહામંત્રનો જપ કરવો. તે મહામંત્ર આ છેઃ—

હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે ।
હરે રામ હરે રામ રામ રામ હરે હરે ॥

જો બ્રહ્મ સંબંધના મંત્ર કોપાયત્રિના મંત્રનો જપ કરવા મરજી હોય તો શુદ્ધ જળથી સ્નાન કરી, ધોએલા પવિત્ર વસ્ત્ર પહેરી પછીજ તે મંત્ર જપવા. નાહ્યા ધોયા વિના એ મંત્ર જપવાથી કંઇ ફળ નથી. પણ ઉલટો દોષ લાગે છે અને એ મંત્રો ગુરૂદ્વારા દીક્ષા લીધા પછીજ ભણવાનો અધિકાર મળે છે.

ॐ देवकीनंदनायविद्महे ॥ वासुदेवायधीमही ॥ तन्नोकृष्णःप्रचोदयात् ॥ ॐ देवकीनंदनायअंगुष्ठाभ्यां नमः ॥ विद्महेतर्जनीभ्यांनमः ॥ वासुदेवाय मध्यमा

भ्यांनमः ॥ धीमहिअनामिकाभ्यांनमः ॥ तन्नोकृष्णः कनिष्ठिकाभ्यांनमः ॥ प्रचोदयात्करतलकरपृष्ठाभ्यां नमः ॥ इतिकरन्यासः ॥ ॐ देवकीनंदनायहृदयायनमः ॥ विद्महेसिरसे स्वाहा ॥ वासुदेवायशिखायैवषट् ॥ धीमहिकवचा यहुं ॥ तन्नोकृष्णःनेत्राभ्यांवौषट् ॥ प्रचोदयात्अस्त्रायफट् ॥ इतिअंगन्यासः ॥ ॐ क्लींकृष्णा यनमः ॥ इति कृष्णगायत्रीमंत्रः ॥ ॐ वृषभानु जायैविद्महे ॥ कृष्णप्रियायैधीमहि ॥ तन्नोराधाप्रचो दयात् ॥ वृषभानुजाय अंगुष्ठाभ्यांनमः ॥ विद्महेतर्जनी भ्यांनमः ॥ कृष्णप्रियायमध्यमाभ्यांनमः ॥ धीमहि अनामिकाभ्यांनमः ॥ तन्नोराधाकनिष्ठिकाभ्यांनमः ॥ प्रचोदयात्करतलकरपृष्ठाभ्यांनमः ॥ इति करन्यासः ॥ ॐ वृषभानुजायहृदयायनमः ॥ विद्महेशिरसेस्वाहा ॥ कृष्णप्रियायशिखायैवषट् ॥ धीमहिकवचायहुं ॥ तन्नो राधानेत्राभ्यांवौषट् ॥ प्रचोदयात्अस्त्रायफट् ॥ इति अंगन्यासः ॥ ॐ रांराधायैनमः ॥ इति राधागायत्रीमंत्रः॥

ॐ उपचारसमस्तैस्तुयत्पूजाचमयाकृता ॥ तत्सर्व पूर्णतांयातुअपराधंक्षमस्वमे ॥ इतिअपराधक्षमामंत्रः ॥ ॐ यनिकानिच पापानिजन्मान्तरेकृतानिच ॥ तानि तानिविनश्यंतिप्रदक्षिणापदेपदे ॥

ઇતિશ્રી પ્રાતઃ કર્મવિધિ સમાપ્ત.
